(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. સદ્દહામિ **પત્તિઆમિ રોએમિ ફાસેમિ પાલેમિ અણુપાલેમિ તં ધમ્મં** સદ્દહંતો

૨. પિત્તેસુ **પૂએસુ વા સોણિએસુ વા સુક્કેસુ વા સુક્ક પુગ્ગલ પરિસાડેસુ વા** વિગય જીવ

૩. કુદંસણ **વજ્જણા સમ્મત્ત સદ્દહણા એવા સમકિતના સમણોવાસએણં** સમ્મત્તસ્સ

૪. બુદ્ધાણં **બોહયાણં મુત્તાણં મોયગાણં સવ્વન્નૂણં સવ્વ દરિસીણં સિવ** મયલ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

| | અર્થ | | અર્થ |
|---|---|---|---|
| ૧. જિણવરા | **જિનેશ્વર દેવ** | ૨. મા ણં મસગા | **રખે ! મચ્છર કરડે** |
| ૩. સેવણા | **સેવા કરવી, ઉપાસના કરવી** | ૪. અક્રિયા મિથ્યાત્વ | **સંવર, સામાયિક, પૌષધ આદિ ક્રિયાને માને નહિ તે** |
| ૫. ફલગ | **પાટિયું, પાટ આદિ** | ૬. ભોમાલિક | **ભૂમિ સંબંધી જૂઠ** |
| ૭. સિરસાવત્તં | **મસ્તકે આવર્તન કરીને** | ૮. સોણિએસુ વા | **શોણિતમાં ઉપજે તે** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૪)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. પ્રાયશ્ચિત્ત લઈને | **પડિક્કમીને** | ૨. ધૈર્યરૂપ | **ધિજ્જં** |
| ૩. છેતરામણી | **માયા** | ૪. કેવલી પ્રરૂપિત | **કેવલિ પન્નત્તો** |
| ૫. અક્ષય ક્ષય રહિત | **મક્ખય** | ૬. કલ્પે નહિ | **અકપ્પો** |
| ૭. ગુરુનો વિનય ન કરે | **અવિનય મિથ્યાત્વ** | ૮. સર્વ પ્રકારના | **સવ્વ, સવ્વેસુ** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સંથારાનું મહત્ત્વ શું છે?

**જ. સંથારો એ (૧) શ્રાવક તથા સાધુનો ત્રીજો મનોરથ છે. (૨) શ્રાવકનો ચોથો વિસામો છે. (૩) પાપનું પ્રાયશ્ચિત્ત છે. (૪) સકામ મરણ તથા પંડિત મરણ છે.**

૨. ૧૮ પાપમાં સૌથી મોટું પાપ કયું? માંસાહાર કરવાથી શું થાય?

**જ. મિથ્યાદર્શન શલ્ય. માંસાહારથી નરક ગતિનું આયુષ્ય બંધાય, પંચેન્દ્રિયની હિંસા થાય, જૈનધર્મની હિલના થાય, ખાનદાની લજવાય, ક્રૂરતાના કુસંસ્કારો ઘૂંટાય.**

૩. ઉપપાતિક જીવો કોને કહે છે?

**જ. દેવો ઉપપાત શય્યામાં અને નારકી કુંભીમાં ઉપજે છે, તેથી તેઓને ગર્ભજ કે સંમૂર્ચ્છિમ ન કહેતા ઉપપાતિક કહે છે.**

૪. સાધુને કુસાધુ શ્રદ્ધે તે મિથ્યાત્વ કેવી રીતે લાગે?

**જ. જે પંચ મહાવ્રતના પાલક છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત છે તથા જેની શ્રદ્ધા તથા પ્રરૂપણા કેવળી પ્રરૂપિત ધર્મની છે તેવા સાચા સાધુને કુસાધુ માનવા.**

૫. સાધુ–સાધ્વી કેટલા ગુણે ઉત્તમ છે? કેવલી પ્રરૂપિત ધર્મ શા માટે ઉત્તમ છે? ઉત્તમ કેટલા છે?

**જ. સાધુ–સાધ્વી ૨૭ ગુણે ઉત્તમ છે. કેવલી પ્રરૂપિત ધર્મ સર્વ દુઃખોથી છોડાવનાર હોવાથી ઉત્તમ છે, ચાર છે.**

(૫૦)

**પ્ર.૨ (અ) છ આરાના આધારે લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. અવસર્પિણીના છટ્ઠા આરામાં મનુષ્ય ક્યાં રહેશે? તેમના આહાર–પાણી કેવા હશે? તેમની ગતિ લખો. તે આરામાં કોણ ઉપજશે? (૫)

**જ. છટ્ઠા આરામાં ગંગા અને સિંધુ નદીમાં વૈતાઢ્ય પર્વતના મૂળમાં ૭૨ બિલ હશે, તેમાં મનુષ્ય બીજમાત્ર રહેશે. ગંગા–સિંધુ નદીમાં મચ્છ–કચ્છ ઘણા થશે. તે ૭૨ બિલના મનુષ્યો સાંજે અને સવારે મચ્છ–કચ્છ કાઢીને રેતીમાં શેકશે. સૂર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેથી સીઝવાઈ રહેશે અને મનુષ્ય તેનો આહાર કરશે. મનુષ્યની ખોપરીમાં પાણી લાવીને પીશે. ગતિ પ્રાયઃ નરક અને તિર્યંચની હશે. જે માણસ દાન, પુણ્ય રહિત તેમ જ નમસ્કાર મંત્ર રહિત, પ્રત્યાખ્યાન રહિત, સમકિત વિનાનો હશે તે આ આરામાં ઉપજશે.**

૨. ઉત્સર્પિણી કાળના બીજા આરામાં કેટલા દિવસ સુધી વરસાદ વરસશે? શા માટે? (૨×૫)

**જ. બીજા આરાના પ્રારંભમાં સાત–સાત દિવસના પાંચ વરસાદ એમ સળંગ ૩૫ દિવસ સુધી વરસાદ વરસશે કારણ કે અવસર્પિણી કાળના છટ્ઠા આરાના ૨૧૦૦૦ અને ઉત્સર્પિણી કાળના પહેલા આરાના ૨૧૦૦૦ વર્ષમાં જે રૂક્ષતા આદિ અશુભતાઓ આવેલી તેને દૂર કરવા માટે વરસાદ વરસશે.**

૩. કાળચક્ર મનુષ્યના કયા ક્ષેત્રમાં હોય છે? ૫૬ અંતરદ્વીપમાં કયો કાળ હોય છે?

**જ. પાંચ ભરત અને પાંચ ઈરવત એમ મનુષ્યના દશ ક્ષેત્રમાં કાળચક્ર હોય છે. ૫૬ અંતરદ્વીપના ઉતરતા ત્રીજા આરા જેવા (જુગલકાળ જેવા, કર્મભૂમિ જેવા નહિ) ભાવો સદાકાળ વર્તે છે.**

૪. અવસર્પિણી કાળના બીજા આરાની અવગાહના, આયુષ્ય, પાંસળી, સરસાઈ લખો.

**જ. અવગાહના બેસતા આરે ૨ ગાઉ ઉતરતા ૧ ગાઉ, આયુષ્ય બેસતા આરે ૨ પલ્યોપમ ઉતરતા ૧ પલ્યોપમ, પાંસળી બેસતા આરે ૧૨૮ ઉતરતા ૬૪, સરસાઈ બેસતા આરે ખાંડ સરખી, ઉતરતા આરે ગોળ સરખી.**

૫. પ્રથમ ચક્રવર્તી કોણ હતા? તેમને કેટલા શુભ સંદેશ મળ્યા? કયા કયા?

**જ. ભરત ચક્રવર્તી. બે – (૧) પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને (૨) ભરતના શસ્ત્રાગારમાં સુદર્શનચક્ર (ચક્રરત્ન) ઉત્પન્ન થયું.**

૬. પાંચમા આરાના ૨૪ થી ૨૭ લક્ષણ લખો.

**જ. (૨૪) શ્રાવકની ૧૧ મી પડિમા અને સાધુની ૧૨ પડિમા વિચ્છેદ જશે. (૨૫) ગુરુ શિષ્યને ભણાવશે નહિ. (૨૬) શિષ્ય અવિનીત, ક્લેશી થશે. (૨૭) અધર્મી, કલેશી, ઝઘડાખોર, કુમાણસ ઘણા થશે અને સુમાણસ થોડા થશે.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. દશ પ્રકારના ...... પાસે જે ફળ છે તે જ ....... મેળવે છે.

**જ. કલ્પવૃક્ષ, જુગલિયા**

૨. પાંચમા આરાને વિશે ...... તે ...... સરખો લાગશે.

**જ. એક ઉપવાસ, માસક્ષમણ**

૩. મહાવીર સ્વામી ....... વર્ષ અને ....... મહિના સુધી કેવળીપણે વિચર્યા.

**જ. ૨૯, સાડા પાંચ**

૪. ઉત્સર્પિણીનો પાંચમો આરો ....... વર્ષનો અને ....... નામે જાણવો.

**જ. ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમ, સુષમ**

૫. ...... માં સૂર્ય અને ચંદ્ર ચલ હોવાથી ...... થાય છે.

**જ. અઢીદ્વીપ, દિવસ–રાત**

**(બ) કર્મપ્રકૃતિના આધારે લખો. (૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૮)**

૧. ગોત્ર કર્મના ભેદ કેટલા? કયા કયા? કેટલા પ્રકારે ભોગવે? તેમાં નીચ ગોત્રનો વિસ્તાર લખો. (૫)

**જ. બે – ઊંચ ગોત્ર અને નીચ ગોત્ર. ગોત્ર કર્મ ૧૬ પ્રકારે ભોગવે. ઊંચ ગોત્ર આઠ પ્રકારે અને નીચ ગોત્ર આઠ પ્રકારે ભોગવે. નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે – જાતિ મદ, કુળ મદ, બળ મદ, રૂપ મદ, તપ મદ, સૂત્ર મદ, લાભ મદ, ઐશ્વર્ય મદ. નીચ ગોત્ર આઠ પ્રકારે ભોગવે – જાતિ વિહીન, કુળ વિહીન , બળ વિહીન, રૂપ વિહીન, તપ વિહીન, સૂત્ર વિહીન, લાભ વિહીન, ઐશ્વર્ય વિહીન.**

૨. કર્મપ્રકૃતિ કયા સૂત્રમાં આવે છે? જ્ઞાનાવરણીય કર્મનું લક્ષણ શું છે અને કયો ગુણ રોક્યો છે? તેની સ્થિતિ અને અબાધાકાળ લખો. (૩)

**જ. પન્નવણા સૂત્ર પદ ૨૩ ઉ. ૧ તથા ભગવતી સૂત્ર શતક ૮ ઉ. ૯. જ્ઞાનાવરણીય કર્મનું લક્ષણ આંખના પાટા સમાન. અનંતજ્ઞાન ગુણ રોક્યો છે. જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ 30 ક્રોડાક્રોડી સાગરોપમ, અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ 3000 વર્ષ.**

૩. ચારિત્ર મોહનીયના કેટલા ભેદ છે? કયા? તેમાં વેદના ભેદ કેટલા અને કયા કયા? (૨×૫)

**જ. ચારિત્ર મોહનીયના બે ભેદ છે – કષાય ચારિત્ર મોહનીય અને નોકષાય ચારિત્ર મોહનીય. તેમાં વેદના ત્રણ ભેદ – સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસક વેદ.**

૪. નરક આયુષ્ય બંધના કારણો અને અંતરાયનો અબાધાકાળ લખો.

**જ. નરક આયુષ્ય બંધના ચાર કારણો – મહારંભ, મહા પરિગ્રહ, કુણિમ આહાર (મદ્ય માંસનું સેવન) કરે, પંચેન્દ્રિય જીવનો વધ કરે. અંતરાયનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ 3000 વર્ષ.**

૫. આઠ કર્મના ક્રમમાં વેદનીય કર્મ ત્રીજું અને અંતરાયને આઠમું સ્થાન કેમ આપ્યું છે?

**જ. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમની હીનાધિકતાને કારણે દુ:ખની પ્રાપ્તિ થાય છે તેથી વેદનીય કર્મ ત્રીજું અને ગોત્ર પ્રમાણે દાન, લાભ આદિ પ્રાપ્તિ અને વિયોગ થાય છે, તેથી અંતરાય કર્મ આઠમું છે.**

૬. જીવ અને કર્મનો સંબંધ ક્યારથી છે? તેના પરિણામે તેને શું પ્રાપ્ત થાય છે?

**જ. જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે. તેના પરિણામે જીવને ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવાયોનિમાં અનંત જન્મ–મરણ કરવા પડે છે.**

૭. કયા કર્મની કઈ પ્રકૃતિનો ઉદય છે? – સૂક્ષ્મ શરીર મળે, કોઈના ચશ્મા છુપાવી દેવા, લાભ લેવામાં અંતરાય આપે, જિનવાણીમાં ન રુચિ કે ન અરુચિ.

**જ. નામ કર્મ – સૂક્ષ્મ નામ કર્મ, દર્શનાવરણીય કર્મ – દંસણ અંતરાયેણં, અંતરાય કર્મ – લાભાંતરાય, મોહનીય કર્મ – મિશ્ર મોહનીય.**

**(૨) વ્યાખ્યા લખો.** **(૪)**

ઘ્રાણ આવરણ – **ગંધનું જ્ઞાન ન થાય, નાક ન મળવથી સૂંઘી ન શકે.**

સત્તા – **બંધાયેલા કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી જે કર્મની જેટલી સ્થિતિ હોય ત્યાં સુધી આત્માની સાથે બંધાયેલા રહે, ફળ આપ્યા વિના રહે.**

નિર્માણ નામ – **જેના ઉદયથી શરીરના અંગોપાંગ પોતાને સ્થાને વ્યવસ્થિત મળે.**

અસ્થિર નામ – **જેના ઉદયથી જીભ, ચામડી આદિ અવયવો અસ્થિર હોય.**

**(૩) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. કર્મનો રસ વધારવો | આહારક | **ઉદ્વર્તન** |
| ૨. શાતા વેદનીય ભોગવવાના કારણ | ઉદ્વર્તન | **આઠ** |
| ૩. નામ કર્મની જઘન્ય સ્થિતિ | બે | **આઠ મુહૂર્ત** |
| ૪. વર્ગણા | આઠ | **ભાષા** |
| ૫. વિહાયોગતિ | ભાષા | **બે** |
| ૬. શરીર | આઠ મુહૂર્ત | **આહારક** |

**(ક) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. સચેત અને અચેત એટલે શું? (૨×૨)

**જ. સચેત – જે પદાર્થમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવમાંથી કોઈપણ પ્રકારના જીવો હોય છે, તેને સચેત કહે છે. અચેત – જે પદાર્થમાં કોઈપણ જીવ નથી, જે અગ્નિ આદિ શસ્ત્ર વડે નિર્જીવ થઈ ગયા હોય અથવા સ્વભાવથી**

**જ જીવરહિત હોય, તેને અચેત કહે છે.**

૨. પૂ. સાધુ–સાધ્વીજીને વહોરાવતા પહેલા અને પછી શું ધ્યાન રાખવું જોઈએ?

**જ. સચેત પાણીથી હાથ ધોઈ વહોરાવવું નહિ. કપડાથી હાથ લૂંછી લેવા. જે ચમચી કે વાટકાની મદદથી વહોરાવ્યું હોય તેને ધોવામાં મૂકી ન દેતા અન્ય ઉપયોગમાં લેવા. વહોરાવ્યા પછી આહાર ઓછો પડે તો નવો આહાર ન બનાવતા ઘરમાં જે અન્ય નાસ્તો હોય તેનાથી પોતે ચલાવી લેવું.**

૩. ગૌચરીના સમયે શું કરવું જોઈએ? (૧)

**જ. ઘરમાં દરવાજા ખુલ્લા રાખવા, પોતે સૂઝતા રહેવું.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના બે થી ત્રણ લીટીમાં જવાબ લખો.**

૧. ઋષભદેવ ભગવાનને ગોચરી કેમ ન મળી? લોકો ભગવાનને ગોચરીમાં શું આપતા હતા?

**જ. ત્રીજા આરાના પ્રથમ સાધુ હોવાથી લોકો ગોચરીના જ્ઞાનથી સાવ અજાણ હોવાથી ઋષભદેવ ભગવાનને ગોચરી ન મળી. લોકો ભગવાનને પોતાના રાજા સમજીને હાથી, ઘોડા, સુંદર કન્યાઓ, હીરા, મોતી, બહુમૂલ્ય વસ્ત્રો ભેંટમાં આપતા હતા.**

૨. બીજો કાચબો શિયાળથી કેવી રીતે બચી ગયો?

**જ. શિયાળને જોઈને બીજા કાચબાએ પોતાના અંગોપાંગ ઢાલની અંદર ગોપવીને શાંત થઈ ગયા. બંને શિયાળે કાચબાને ઉલટાવીને, ફેરવીને બધી બાજુથી તોડવા માટે દાંતનો, નખનો પ્રયોગ કર્યો પણ ચામડી કાપવામાં સમર્થ ન થયા. આ રીતે બે–ત્રણવાર પ્રયત્ન કર્યા, અંતે હારીને થાકીને જ્યાંથી તેઓ આવેલા ત્યાં પાછા ચાલ્યા ગયા, આમ બીજો કાચબો બચી ગયો.**

૩. કામદેવ શ્રાવકે ભગવાન મહાવીરને શું કહ્યું?

**જ. હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું, આદર કરું છું, પરંતુ હું ગૃહત્યાગ કરીને દીક્ષા લેવા અસમર્થ છું, આથી પ્રભુ આપની પાસે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ ૧૨ વ્રતધારી શ્રાવકધર્મને ગ્રહણ કરવા ઈચ્છું છું.**

૪. દેવે કામદેવને ચલાયમાન કરવા કયા કયા રૂપ ધારણ કર્યા? કામદેવની ધર્મશ્રદ્ધાની પ્રસંશા કોણે કરી?

**જ. દેવે કામદેવને ચલાયમાન કરવા પિશાચ, હાથી અને સાપના રૂપ ધારણ કર્યા. કામદેવની ધર્મશ્રદ્ધાની પ્રસંશા દેવલોકમાં શક્રેન્દ્રએ કરી.**

૫. ઋષભદેવ ભગવાનનું શરીર કેવું હતું? તેમની સાથે રમવા માટે કોણ આવતું હતું?

**જ. વજ્રઋષભનારાચ સંઘયણવાળું અને સનચતુરંસ્ર સંસ્થાનવાળું હતું. તેમનું સંપૂર્ણ શરીર માથાથી પગ સુધી સુશોભિત અને શ્રેષ્ઠ લક્ષણોવાળું હતું. તેમની સાથે રમવા માટે કેટલાક દેવો બાળકનું રૂપ બનાવીને આવતા હતા અને રમતા હતા.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. જિનશાસન ........ અદ્ભૂત. | **પાના નં. ૬૪ કડી ૮/૯** |
| ૨. વળી કાર્તિક ......... તીર. | **પાના નં. ૬૬ કડી ૩૩/૩૪** |
| ૩. શુકદેવ સંન્યાસી ......... સંથાર. | **પાના નં. ૬૭ કડી ૪૨/૪૩** |
| ૪. વળી પુંડરિક ......... વખાણ. | **પાના નં. ૬૮ કડી ૫૩/૫૪** |
| ૫. કુંવર અઈમુત્તે ......... નામ. | **પાના નં. ૬૯ કડી ૭૦/૭૧** |

**જય – જિનેન્દ્ર**